# રેલવે યાત્રી ભાડામાં પુનઃ વધારો કરાશે

નવી દિલ્હી, તા.૮

કેન્દ્ર સરકારે મોંઘવારીથી પહેલાથી ભારે પરેશાન થયેલા સામાન્ય લોકો પર વધુ એક વધારો કરવાની તૈયારી કરી લીધી છે. મળેલી માહિતી મુજબ રેલવે દ્વારા રેલ યાત્રી ભાડા અને નૂરના દરમાં ફરી વધારો કરવા માટેની કમર કસી લીધી છે. ટુંકમાં જ આ વધારો કરી દેવાશે. સરકારે હાલમાં ડીઝલ, રાંધણ ગેસ અને રેલવે યાત્રી ભાડામાં થોડાક દિવસ પહેલા જ વધારો કર્યા બાદ ફરી એકવાર રેલવે યાત્રી ભાડામાં વધારો કરવા ગુપ્ત રીતે તૈયારી કરી લીધી છે. આર્થિક સુધારાઓના નામે આ વખતે પણ વધારો કરવામાં આવશે. એક અગ્રણી અગ્રેજી અખબારે માહિતી આપતા કહ્યું છે કે સરકારે રેલવેને ગંભીર પ્રકારના સંકટમાંથી બચાવી લેવા માટે બ્લૂ પ્રિન્ટ તૈયારી કરી લીધી છે. હવે કોઈ પણ સમય રેલવે યાત્રી ભાડામાં વધારો કરી દેવામાં આવશે. નાણાં મંત્રાલયના નેતત્વમાં આયોજન પંચ અને રેલવે દ્વારા જુદા જુદા વિકલ્પ પર વિચારણા કરવામાં આવી રહી છે. જે વિકલ્પ પર ચર્ચા ચાલી રહી છે તેમાં ભાડાને ફુગાવા સાથે જોડવા, મુડીરોકાણને વધારે ઝડપી બનાવવા, જાહેર અને ખાનગી ભાગીદારીને વધારવા, નૂર માટે ગોલ્ડન ક્વાડ્રીલેટરલ નેટવર્ક બનાવવા અને નાણાં એકત્રિત કરવાની બાબતનો સમાવેશ થાય છે. સરકાર માને છે કે રેલવેની જવાબદારી મમતા અને



ડાબેરીઓના હાથમાં રહેવાથી મહેસુલી આવક ઉભી કરવા અને મુડીરોકાણને વધારવાની પ્રવૃતિ અટકી ગઈ હતી. પરંતુ સરકાર હવે રલવેમાં નવા પ્રાણ ફુંકવા માટે કમર કસી ચુકી છે. સુત્રોએ હતું કે રેલવે મંત્રાલય, આયોજન પંચઅને નાણાં મંત્રાલય દ્વારા પહેલાથી જ આ હેતુ માટે વાતચીત શરૂ કરી દીધી છે. ભારતીય રેલવેના ઓપરેટિંગ રેશિયોની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૦૪-૦૫માં આ રૂમ ૯૧ રૂપિયાની હતી અને હવે આ રકમ વર્ષ ૨૦૧૧-૧૨માં વધીને ૯૫ રૂપિયા થઈ ગઈ છે. આનો સાફ મતલબ એ છે કે રેલવેને પ્રતિ ૧૦૦ રૂપિયા પાંચ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. વર્ષ ૨૦૧૧-૧૨માં ૧.૦૩ લાખ કરોડના ટર્ન ઓવર છતાં રેલવેની પાસે માત્ર ૧૫૦૦ કરોડરૂપિયાની રકમ જ સરપ્લસ હતી. એવી સ્થિતીમાં યોજનાના વિસ્તરણ માટે અને નવી યોજનાઓના અમલીકરણ માટે મુશ્કેલી નડી રહી છે.

નવી યોજનાઓને અમલી બનાવવા માટે રેલવેના આશરે ૯૧૦૦ કરોડ રૂપિયાની જરૂર છે. આ રકમ માટે અન્ય સોર્સ પર આધારિત રહેવાની ફરજ પડે છે. સામ પિત્રોડાના નેતૃત્વમાં એક નિષ્ણાંત ટીમે પોતાના અહેવાલમાં હાલમાં કહ્યું હતું કે આગામી પાંચ વર્ષમાં ભારતીય રેલવેને વ્યવસ્થિત રીતે ચલાવવા માટે ૮.૩૯ લાખ કરોડના મુડીરોકાણની જરૂર છે.

## હવે ખાનગી હોસ્પિટલોને ખર્ચ વિગત આપવી પડશે

નવી દિલ્હી, તા.૮

કોર્પોરેટ દ્વારા ચલાવવામાં આવતી હોસ્પિટલ સહિત તમામ ખાનગી હોસ્પિટલોને હવે જુદા જુદા રોગ માટે સારવારના ખર્ચની વિગત જાહેર કરવી પડશે. સાથે સાથે આ ખર્ચની માહિતી વિસ્તૃત રીતે રજૂ કરવી પડશે. હેલ્થ સર્વિસના ડિરેક્ટર જનરલ જગદીશ પ્રસાદે આ મુજબની માહિતી આપી છે. તેમણે કહ્યું છે કે સિસ્ટમમાં પારદર્શક લાવવાના હેતુસર તથા વધારે પડતાં બિલને ડામવાના હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે કબૂલાત કરી છે કે મોટાભાગની હોસ્પિટલો ખર્ચની વિગતો આપતી નથી અથવા તો વારંવાર ચાર્જ વધારી દે છે તેવી ફરિયાદો પણ મળી છે. હવે સારવાર અંગે ખર્ચની વિગતો જાહેર કરવાથી ઘણી બધી બાબતોને રોકી શકાશે. હોસ્પિટલોમાં સારવારના ખર્ચમાં આડેધડ વધારો કરી શકાશે નહીં. મંત્રાલય પણ ઓફર કરવામાં આવતી સર્વિસની ગુણવત્તાના આધાર પર હોસ્પિટલોને કેટેગરીમાં નક્કી કરનાર છે. સામાન્ય આરોગ્યની ચકાસણીના સંબંધમાં એક માર્ગદર્શિકા પણ જારી કરવામાં આવશે. દર્દીઓને પણ કેટલીક સલાહ આપવામાં આવશે. ઘણી હોસ્પિટલો બિન જરૂરી સારવાર કરીને જંગી નાણાં ઊભા કરી લે છે.

આવી ફરિયાદો વારંવાર હાલમાં સપાટી ઉપર આવી છે. એમ્સના ડિરેક્ટર આર સી ડેકાનું કહેવું છે કે કોઈપણ સારવાર પુરાવા માટેની બાબત મુશ્કેલ છે પરંતુ પારદર્શકતા લાવવાની બાબત ખૂબ જરૂરી છે. આરોગ્ય મંત્રાલય હોસ્પિટલોને વર્ગીકૃત કરશે. જે રોગ માટે માર્ગદર્શિકા જારી કરવામાં આવનાર છે તેમાં એટેક, સ્ટ્રોક અને કેન્સર જેવી બાબતનો સમાવેશ થાય છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ મુજબની બાબતનો ખુલાસો કરવામાં આવ્યો છે.

## પંજાબમાં આતંકવાદને ફરીથી સજીવન કરવાના પ્રયાસો શરૂ

### બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ અને ખાલિસ્તાન કમાન્ડો ફોર્સના શખ્સો ફંડ એકત્રિત કરવામાં વ્યસ્ત બન્યા : રિપોર્ટ

નવી દિલ્હી, તા.૮

પંજાબમાં ફરી એકવાર આતંકવાદને સજીવન કરવાના પ્રયાસ હાલમાં ચાલી રહ્યા હોવાની ચોંકાવનારી માહિતી હાથ લાગી છે. અલગતાવાદી શીખ સંગઠનો દ્વારા મોટાપ્રમાણમાં ફંડ એકત્રિત કરવાની ઝુંબેશ યુરોપ અને ઉત્તર અમેરિકામાં હાથ ધરવામાં આવી છે. પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈના આદેશ બાદ આ નાણાં એકત્રિત કરવાની ઝુંબેશ ચાલી રહી છે. પ્રતિબાંધિત બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ અને ખાલિસ્તાન કમાન્ડો ફોર્સ જેવા આતંકવાદી સંગઠનોની હિલચાલ અંગે સુરક્ષા સંસ્થાઓમાં સૂત્રોએ પૂરતી માહિતી આપી છે. પંજાબમાં આતંકવાદને પુન સજીવન કરવાના પ્રયાસો સતત થતા રહ્યા છે પરંતુ મજબૂત પગલાંના કારણે આમા સફળતા હાથ લાગી નથી. પશ્ચિમી દેશોમાં આવા પ્રયાસો ચાલતા રહ્યા છે. ઓપરેશન બ્લુ સ્ટાર અને અન્ય દ્વેષી પ્રચાર સામગ્રીને રજૂ કરીને યુવાનોને પણ ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. ઓપરેશન બ્લુ સ્ટારનું નેતૃત્વ કરનાર સૈનાના અધિકારી કે એસ બ્રાર ઉપર હાલમાં જ લંડનમાં કરવામાં આવેલા હુમલા પણ આવી પ્રવૃત્તિના હિસ્સા રૂપે છે. ભારત વિરોધી તત્ત્વોની પ્રવૃત્તિ વિદેશોમાં ચાલી રહી છે. આ આતંકવાદી સંગઠનોના અંડરગ્રાઉન્ડ વર્કરો અમેરિકા, કેનેડા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની અને બેલ્જિયમમાં જન્મેલા અને ઉછરેલા શીખ યુવાનોને ટાર્ગેટ બનાવી રહ્યા છે. બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ અને ખાલિસ્તાન કમાન્ડો ફોર્સ ઉપરાંત દલ ખાલસા અને ઈન્ટરનેશનલ શીખ યુથ ફેડરેસન જેવા વંશીય સંગઠનો પણ યુવાનોને કટ્ટરપંથી બનાવવા કામ કરી રહ્યા છે. સૂત્રોનું કહેવું છે કે ખાલિસ્તાનના સારા હિત માટે લડત ચલાવવાના નામે પશ્ચિમી દેશમાં સ્થાઈ થયેલા શીખ લોકો પાસેથી નાણાં એકત્રિત કરવામાં આવી રહ્યા છે. નવી પેઢીના યુવાનોને કટ્ટરપંથી સંગઠનોની વિચારધારા તરફ દોરવામાં આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે પંજાબમાં ઓપરેશન બ્લુ સ્ટાર હાથ ધરતાં પહેલાં વ્યાપક આતંકવાદી પ્રવૃત્તિ ચાલી હતી. આ આતંકવાદી પ્રવૃત્તિના કારણે અર્થતંત્રને ભારે નુકસાન થયું હતું.

## સમાચાર ઝલક

- બુધવારે કેજરીવાલ વધુ એક નેતા ઉપર નિશાન તાકશે.
- યુધ્ધ એજ કલ્યાણ માર્ગે હવે, કર્મચારી સેના તૈયાર.
- ભારતીય નૌ સેના દ્વારા સુપર સોનિક ક્રુઝ મિસાઇલ 'બ્રહ્મોસ'નું સફળ પરિક્ષણ.
- રાંધણ ગેસના સિલિન્ડર મેળવવા ૨૦ દિવસની સમય મર્યાદા રદ્દ.
- નવી ફિલ્મ 'સન ઓફ સરદાર' બોક્સ ઓફિસ પર સફળ રહેશે, અજય દેવગણનો દાવો.
- નવરાત્રી ડ્રેસ બુકિંગ શરૂ, ભાડામાં ૨૦ ટકા સુધીનો વધારો.
- ભ્રષ્ટાચારનો રેલો ૧૦ જનપથ સુધી પહોંચતા સોનિયા ગાંધી સાવધ.
- 'ડાર્ક હોર્સ' વિન્ડીઝે બુકીઓને માલામાલ કરી દીધા.
- સરકારી વેબસાઇટ પર હવે ગાંધી, સરદાર તથા પર્યટન સ્થળોની માહિતી.
- કેજરીવાલના આરોપોને જૂઠ્ઠા અને રાજકીય ગણાવતા રોબર્ટ વાઢરા.
- વાયુ પ્રદૂષણના કારણે વર્ષે ૨૦ લાખ લોકોનો મોત થાય છે : વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનનો સર્વે.
- ટેટની પરીક્ષાનું પરિણામ માત્ર દોઢ ટકો, શિક્ષણ વિભાગ ચોક્યું.
- ભાવનગર જિલ્લામાં ભાદરવા માસમાં અષાઢી મેહ વરસ્યા, બોટાદ, ગઢડા, તળાજા, ઉમરાળા - ઘોઘામાં વરસાદ.
- વર્ષ ૨૦૧૭ સુધી ૧૪ નવા દૂર સંચાર ઉપગ્રહ લોંચ કરવા યોજના.
- દાઉદભાઇ ફૂલાણી ૭૦ વર્ષથી ઉંમરના તરણવીરે ૪ ગોલ્ડ, ૨ સિલ્વર મેડલ, અમદાવાદ તરણ સ્પર્ધામાં મળ્યા, તરણવીર સ્પર્ધક રાજકોટના વતની છે.
- અમેરીકન પ્રમુખ શ્રી બરાક ઓબામા પાછળ ૧ વર્ષનો ખર્ચ ૧.૪ અબજ ડોલર.
- પેટ્રોલપંપ ડીલરોના કમીશનમાં વધારો, બોજો ગ્રાહકના શિરે.
- શેરબજારમાં નાના રોકાણકારોને મળનારી સુરક્ષા.
- ચૂંટણીમાં જ્ઞાતિ-જાતિનું પરિબળ નિર્ણાયક.
- અલંગ શિપીંગ યાર્ડમાં ભીષણ આગ.
- હવે અડધી ચાના ભાવ રૂા. ૭ થયા.

## ટવેન્ટી-૨૦ રેન્કિંગમાં ભારત ત્રીજા સ્થાને

દુબઈ, તા. ૮

શ્રીલંકામાં સંપન્ન થયેલ ટી-૨૦ વિશ્વકપની સેમી ફાઈનલ પહેલાંજ સ્પર્ધાની બહાર થનાર ટીમ ઈન્ડિયા આઈસીસી ટી-૨૦ રેન્કિંગમાં ત્રીજા સ્થાને સરકી ગઈ છે. જ્યારે ચેમ્પિયન વેસ્ટ ઈન્ડીઝ પાંચ સ્થાનનો કૂદકો



લગાવી દ્વિતીય સ્થાને આવી ગઈ છે. સુપરહીટ રાઉન્ડમાંથી બહાર થઈ જતાં ટીમ ઈન્ડિયા ૧૨૦ પોઈન્ટ સાથે ત્રીજા અને ૧૨૧ પોઈન્ટ સાથે વિન્ડીઝ બીજા સ્થાને છે. જ્યારે ઉપવિજેતા શ્રીલંકા ૧૨૭ પોઈન્ટ સાથે ટોચના સ્થાને યથાવત છે. ટીમ ઈન્ડિયાની જેમ જ સેમી ફાઈનલમાં ન પહોંચનાર ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકા અનુક્રમે ૧૧૮ અને ૧૧૭ પોઈન્ટ સ્થાને ચોથા અને પાંચમા સ્થાને છે. જ્યારે સેમિફાઈનલમાં યજમાન શ્રીલંકા સામે હારનાર પાકિસ્તાન ૧૧૬ પોઈન્ટ સાથે છઠ્ઠા સ્થાને છે. આ જ રીતે સેમિફાઈનલમાં પહોંચનાર ઓસ્ટ્રેલિયા ૧૦૮ પોઈન્ટ સાથે સાતમા સ્થાને છે.

ખેલાડીઓના રેન્કીંગમાં ટીમ ઈન્ડિયાના સુરેશ રૈના અને વિરાટ કોહલી અનુક્રમ પાંચમાં અને દસમા સ્થાને છે. ફાઈનલમાં વિન્ડીઝને ચેમ્પિયન બનાવવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર માર્લોન સેમ્પ્યુલ્સ અને બોલર સુનિલ નેરેને રેન્કિંગમાં ૨૦ સ્થાનનો કૂદકો લગાવ્યો છે. ફાઈનલમાં શ્રીલંકામાં ૭૮ રન બનાવી મેન ઓફ ધ મેચ બનનાર સેમ્યુઅલ્સ બેટ્સમેન રેન્કિંગમાં ૧૮ સ્થાને આવી ગયો છે. જ્યારે ઓલરાઉન્ડ રેન્કિંગમાં ૭ સ્થાનનો કૂદકો લગાવી ૯મા સ્થાને આવી ગયો છે. ફાઈનલમાં ૯ રન આપીને ત્રણ વિકેટ લેનાર નરેન ૨૦ સ્થાનનો કુદકો લગાવી ૧૩ મા સ્થાને આવી ગયો છે. વિસ્ફોટક ઓપનર ક્રિસ ગેઈલ બેટિંગ રેટીંગમાં દ્વિતીય સ્થાને આવી ગયો છે. જ્યારે ન્યૂઝીલેન્ડનો બ્રેન્ડેન મેકુલમ ટોચના સ્થાને છે. ઓલરાઉન્ડરની યાદીમાં શેન વોટસન ટોચના સ્થાને છે.

## કાવેરી વિવાદ મુદ્દે વડાપ્રધાનની ટોચના નેતાઓની સાથે બેઠક

નવી દિલ્હી, તા. ૮

તમિલનાડુ સાથે કાવેરીના જળ વિતરણ મુદ્દે વડાપ્રધાન ડો. મનમોહનસિંઘે કર્ણાટકના કોંગ્રેસ નેતાઓ સાથે આજે ચર્ચા વિચારણા કરી હતી. કેન્દ્રીય વિદેશ મંત્રી એસ. એમ. ક્રિષ્ણા, શ્રમમંત્રી મલ્લિકા અર્જુન ખળગે, રેલ રાજ્ય મંત્રી કે. એચ. મુનિયપ્પા અને જળસંસાધન મંત્રી પવનકુમાર બંસલે વડાપ્રધાન સાથે તેમના સાઉથ બ્લોક સ્થિત કાર્યાલય પીએમઓમાં અંદાજે ૧ કલાક સુધી મંત્રણા યોજી હતી. મંત્રણા બાદ ખળગેએ પત્રકારો સાથે વાતચીત કરતાં કહ્યું હતું કે, અમે વડાપ્રધાનને આ સમસ્યાનો તાકીદે ઉકેલ લાવવા અનુરોધ કર્યો છે. વિશેષજ્ઞની સમિતિમાં અહેવાલના આધારે તેમણે એક સાનુકુળ નિર્ણય લેવાનો છે. સ્થિતિ હાલ ઘણી ગંભીર છે. તેથી અમે તેમને આ વિવાદ ઉકેલવા અનુરોધ કર્યો છે. વડાપ્રધાન સમક્ષ કર્ણાટક અને તેમાંય ખાસ કરીને બેંગલુર, માડિયા, હાસન અને મૈસુરમાં પીવાના પાણીની સ્થિતિ અને ઉભા પાકને પડી રહેલા જળસમસ્યાની રજૂઆત કર્ણાટકના નેતાઓએ કરી હતી. તમિલનાડુના હિત અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં ખળગેએ કહ્યું હતું કે, વડાપ્રધાને કોઈ રાજ્યના નહીં પણ સમગ્ર દેશના છે. તેઓ દરેકનું હિત ધ્યાનમાં રાખીને જ સર્વમાન્ય નિર્ણય કરશે. નોંધનીય છે કે કાવેરી જળવિવાદ છેલ્લાં ઘણા દિવસોથી બંનેએ રાજ્યની સરકારો અને કેન્દ્ર સરકાર માટે સંકટ બની ગયું છે. સંકટનું નિવારણ માટે કેન્દ્રએ એક ટીમ બંને રાજ્યોના પ્રવાસે મોકલી છે જે આવતીકાલ સુધી દિલ્હી પરત આવી જશે. આ ટીમ પોતાનો અહેવાલ સીએમસીને આપશે. ૧૫મી ઓક્ટોબર પછી કર્ણાટક દ્વારા જારી કરવામાં આવનાર પાણી પુરવઠો નક્કી કરવા સંદર્ભે ૧૧મીના રોજ સીએમસીની બેઠક યોજાશે. વડાપ્રધાનના નેતૃત્વ હેઠળની કાવેરી નદી ટ્રિબ્યુનલે હાલમાં કર્ણાટકને ૨૦ સપ્ટેમ્બરથી ૧૫ ઓક્ટોબર દરમિયાન તમિલનાડુને પ્રતિદિન નવ હજાર ક્યુસેક પાણી પુરવઠો પૂરો પાડવા આદેશ કર્યો છે.

## ભારતમાં છેલ્લા ચાર જ વર્ષમાં ૬૪૩૭૦ નોકરીની તકો સર્જાઈ

નવી દિલ્હી, તા.૮

ભારતે વિશ્વમાં સૌથી વધુ નોકરીની તકો ઊભી કરનાર દેશોની યાદીમાં સ્થાન જાળવી રાખવામાં સફળતા મેળવી છે. વર્ષ ૨૦૦૩થી ૨૦૧૧ વચ્ચેના ગાળાને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે વહેંચવામાં આવેલી સર્વિસ સેન્ટરમાં એફડીઆઈમાં ભારતે ટોચના ૧૦ સ્થળોમાં સ્થાન જાળવી રાખવામાં સફળતા મેળવી છે. ભારતે આઉટ સોર્સિંગ પ્રવૃત્તિના પરિણામ સ્વરૂપે છેલ્લા ચાર વર્ષમાં ૬૪૩૭૦ નોકરીઓની તકો સર્જાઈ છે. દક્ષિણ પૂર્વ એશિયન પ્રદેશમાં ઓફશોર બિઝનેસ પ્રવૃત્તિ મોટાપાયે રહી છે. ઓફશોર બિઝનેસ પ્રવૃત્તિ યોજવા માટે સૌથી આકર્ષક સ્થળો પૈકીના એક તરીકે ભારત રહ્યું છે. કોર્પોરેટ રિસર્ચના ડિરેક્ટર ટોમ કારોલનું કહેવું છે કે આંતરરાષ્ટ્રીય કોર્પોરેશન પ્રોડક્ટીવિટી, ઓપરેશનલ અસરકારકતા અને ભાવિ સ્થિરતા ઉપર વધારે ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું છે. ટૂંકાગાળામાં ખર્ચ કાપના બદલે લાંબાગાળાની ગણતરી થઈ રહી છે. ભારતને પણ આ તમામ બાબતો ઉપર વધારે ધ્યાન આપવાની જરૂર છે. જોન્સ લાંગ દ્વારા કરવામાં આવેલા રિસર્ચમાં જણાવવામાં આવ્યું છે કે ભારતે વર્ષ ૨૦૦૩થી ૨૦૧૧ વચ્ચેના ગાળામાં સર્વિસ સેન્ટરમાં એફડીઆઈ બદલ ટોચના ૧૦ સ્થળોની દૃષ્ટિએ પ્રથમ સ્થાન જાળવી રાખવામાં સફળતા મેળવી છે.

ભારતને ઓફશોરિંગ માર્કેટને લઈને ફટકો પડી રહ્યો છે. તેની લીડને જાળવી રાખવા માટે વધુ પ્રયાસોની જરૂર છે. ભારતમાં મોટાપાયે કુશળ લોકો અને ઓછા ખર્ચના કારણે ઓફશોરિંગ પ્રવૃત્તિ વધી રહી છે. ટોચના સ્થળ તરીકે ભારત ઊભરી આવ્યું છે. ભારતને ચીન અને ઈન્ડોનેશિયા જેવા બજારો તરફથી પડકારનો સામનો કરવો પડી રહ્યો છે. સંશોધનના ભાગરૂપે ઘણી ઘણી બાબતોને ધ્યાનમાં લેવામાં આવી હતી. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે ભારત આઉટ સોર્સિંગના મામલામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. નિષ્ણાંતોનું કહેવું છે કે રિયલ એસ્ટેટના ઊંચા ખર્ચ જેવા ઘણા પરિબળ આડે આવી રહ્યા હોવા છતાં વિદેશી કંપનીઓ જુદા જુદા કામો માટે ભારતને પ્રાથમિકતા આપી રહી છે.

## માનવી પર દવાના પરીક્ષણ મામલે સુપ્રીમે વિગત માંગી

નવી દિલ્હી,તા. ૮

સુપ્રીમ કોર્ટે માનવી પર દવાઓના પરીક્ષણ અંગે હવે કેન્દ્ર સરકાર પાસેથી તમામ વિગતો માંગી છે. દેશભરમાં યોજવામાં આવી રહેલા ક્લિનિકલ ટ્રાયલના સંબંધમાં વિગત આપવા અને સાથે સાથે જો કોઈનુ મોત આડ અસરના



કારણે થયુ છે તો તેની પણ વિગત આપવા સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે. દવા કંપનીઓ દ્વારા પોતાની દવાની ચકાસણી માટે માનવીનો ઉપયોગ કરવામાં આવે છે તેવી ફરિયાદ તાજેતરમાં સપાટી પર આવી હતી. આ બાબતની સુપ્રીમ કોર્ટે ગંભીર નોંધ લીધી છે. સુપ્રીમ કોર્ટે દવા કંપનીઓના આવા વલણ સામે લાલ આખ કરીને આ આદેશ કર્યો છે. જસ્ટીસ આરએમ લોધા અને જસ્ટીસ અનિલ આર દવેની બનેલી બેંચે વિગતો આપવા માટે કેન્દ્ર સરકારને સુચના આપી છે. સાથે સાથે તમામ રાજ્ય સરકારોને નોટીસ પણ જારી કરી છે. તેમના સંબંધિત રાજ્યોમાં ક્લિનિકલ ટ્રાયલના સંબંધમાં કોઈ નિયમો છે કે કેમ તે અંગે માહિતી આપવા રાજ્યોને કહેવામાં આવ્યું છે. ક્લિનિકલ ટ્રાયલને અંકુશમાં મુકવા માટે કોઈ ધારાધોરણો રાજ્યોમાં છે કે કેમ તે સંબંધમાં સુપ્રીમે વિગતો આપી છે. જો કોઈ ખાસ કાયદો છે તો તેની વિગત આપવા માટે પણ કહ્યું છે. કોર્ટે દુખ સાથે કહ્યું છે કે માનવી પર ટ્રાયલ સાથે સંબંધિત બાબત ચિંતાજનક છે. કોર્ટે મધ્યપ્રદેશ સરકારની એવી અરજીને ફગાવી દીધી છે કે રાજ્ય સરકારોને પણ અંધારામાં રાખવામાં આવે છે. મધ્ય પ્રદેશમાં ક્લિનિકલ ટ્રાયલ અંગે તેની પાસે કોઈ માહિતી નથી તેવી દલીલ મધ્ય પ્રદેશની સરકારે કરી હતી. પરંતુ આ દલીલને ફગાવી દેવામાં આવી હતી. કોર્ટે કહ્યું હતું કે તેમના તબીબો દ્વારા સરકારી હોસ્પિટલમાં ક્લિનિકલ ટ્રાયલની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

રાજ્ય સરકાર આ બાબતથી વાકેફ ન હોય તેમ માનવા માટે કોઈ કારણ નથી. એક બિન સરકારી સંસ્થા દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી પર સુનાવણી વેળા સુપ્રીમ કોર્ટે કેટલાક મહત્વના તારણો આપ્યા હતા. સુપ્રીમ કોર્ટે તમામ પાસાની નોંધ લીધા બાદ આદેશ જારી કર્યા હતા.

## ઇરાકમાં એક સાથે ૧૧ લોકોને ફાંસી અપાઈ: હેવાલમાં ધડાકો

બગદાદ, તા.૮

ઈરાકમાં મૃત્યુદંડની સજા પર પ્રતિબંધ મૂકવાના આંતરરાષ્ટ્રીય પ્રયાસોને હજુ સુધી સફળતા હાથ લાગી નથી. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રતિબંધ મૂકવા માટે વ્યાપક ઝુંબેશ ચલાવવામાં આવી હોવા છતાં ઈરાકમાં ફાંસી આપવાનો સિલસિલો જારી રહ્યો છે. હવે ઈરાકમાં ગઈકાલે જ ૧૦ ઈરાકી અને એક અલ્જિરિયન નાગરિકને ફાંસી આપી દેવામાં આવી હતી.

એક આંકડા મુજબ આ લોકોને ઘણીને આ વર્ષે હજુ સુધી ઈરાકમાં કુલ ૧૧૩ લોકોને ફાંસી આપવામાં આવી ચૂકી છે. વર્ષ ૨૦૧૧માં ૬૮ લોકોને ફાંસી આપવામાં આવી હતી. આ રૂઢીવાદી દેશમાં કઠોર સજાના ભાગરૂપે ફાંસી આપવાને સતત અમલી બનાવવામાં આવે છે. કાયદાકીય મંત્રાલયના એક અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે હજુ સુધી ૧૧૩ લોકોને ફાંસી આપવામાં આવી ચૂકી છે. ૧૦ ઈરાકી અને એક અલ્જિરિયન નાગરિકને રવિવારે સવારે ફાંસી આપવામાં આવી હતી. આ તમામ શખ્સો આતંકવાદી પ્રવૃત્તિમાં અપરાધી જાહેર થયા હતા.

## સિટી ગ્રૂપના સ્વિસ બેંક ખાતા જપ્ત : ઈડીની કઠોર કાર્યવાહી

નવી દિલ્હી, તા.૮

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે સિટી ગ્રૂપ સ્વિસ ખાતાઓ જપ્ત કરી લીધા છે. સિટી લિમોઝીન અને અન્ય ગ્રૂપ કંપનીઓના ચેરમેન મોહમંદ મસૂદના સ્વિસ બેંક ખાતાઓ ફ્રિઝ કરી દેવામાં આવ્યા છે. એડીમાં રહેલા સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે નાણાંકીય છેતરપિંડી અને કૌભાંડ બદલ તેમના બેંક ખાતાઓ ફ્રિઝ કરવામાં આવ્યા છે. પ્રવેન્સન ઓફ મની લોન્ડરીંગ એક્ટ હેઠળ પ્રથમ વખત આવી હિલચાલ હાથ ધરવામાં આવી છે. ઈડીની આ કાર્યવાહીને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. નાણાંકીય કૌભાંડ અને છેતરપિંડીનો ઈડી દ્વારા ઊંડી તપાસ ચાલી રહી છે. કાળા નાણાં સામેની લડાઈમાં પણ આ હિલચાલ અસરકારક રહેશે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ હાલમાં સિટી ગ્રૂપ અને મસૂદ સામે તપાસ કરી રહી છે. મની લોન્ડરીંગ બદલ આ તપાસ ચાલી રહી છે. આ ગ્રૂપે ઊંચા રિટર્ન આપવાની ઓફર કરીને મૂડીરોકાણ સ્કીમો રજૂ કરી હતી. કેટલાક કેસોમાં ૪૮ ટકા સુધી રિટર્ન આપવાની વાત કરવામાં આવી હતી.

ઈડીના સૂત્રોનું કહેવું છે કે તેઓ સ્વિસ સત્તાવાળાઓને એ બાબત સમજાવવામાં સફળ રહ્યા છે કે સ્વિસ બેંક ખાતાઓ પૈકી કેટલાક ખાતામાં ફંડની રકમ ક્રાઈમના સ્વરૂપમાં આવી છે. સ્વિસ સત્તાવારાઓ સંપૂર્ણ સહકારવાળુ વલણ અપનાવી રહ્યા છે અને બેંક ખાતાઓ પૈકીના કેટલાક ખાતાઓ ફ્રિઝ કરી દેવામાં આવ્યા છે. ઈડી દ્વારા વિદેશમાં મની લોન્ડરીંગના મામલામાં તપાસ કરી રહી છે. તપાસમાં જાણવા મળ્યું છે કે મસૂદે સ્વિત્ઝર્લેન્ડમાં તેમના પોતાના નામ ઉપર અને કંપનીઓના નામ ઉપર બેંક ખાતાઓ જાળવી રાખ્યા છે. ઈડી દ્વારા હવે આ બેંક ખાતાઓ જપ્ત કરી દીધા છે જેમાં બેલેન્સ ૧.૨૫ મિલિયન ડૉલર હોવાનું જાણવા મળ્યું છે. વિદેશી બેંક ખાતાઓમાં જંગી લેવડ દેવડની માહિતી પણ મળી છે. કેસમાં વધુ તપાસ ચાલી રહી છે. ઈડીના જણાવ્યા મુજબ સિટી લિમોઝિન ઈન્ડિયા, સિટી રિયલ કોમ લિમિટેડ અને તેના ચેરમેન સૈયદ મોહમંદ મસૂદ અને આ કંપનીના અન્ય ડિરેક્ટોએ હજારો મૂડીરોકાણકારો સાથે છેતરપિંડી કરી છે અને અબજો રૂપિયા ભેગા કરી લેવામાં આવ્યા છે.